सा विद्या या विमुक्तये

# શારદ

ઓગસ્ટ ૨૦૧૬ – વર્ષ ૩૫, અંક ૧




મુદ્રા પોર્ટની મુલાકાતે શાળાના વિદ્યાર્થીઓ

# તા. ૨૧-૬-૨૦૧૬ વિશ્વ યોગદિન નિમિત્તે શાળાના બાળકો










# શારદ

सा विद्या या विमुक्तये

શારદામંદિર, અમદાવાદ

ઓગસ્ટ,૨૦૧૬

વર્ષ ૩૫, અંક ૧


**શાળાનું પરિણામ**
**માર્ચ - ૨૦૧૬**

| | ગુજરાતી | English |
|---|---|---|
| SSC | 97.41% | 100% |
| HSC (વિજ્ઞાન) | 96.21% | 90.32% |
| HSC (સામાન્ય) | 100% | 95.65% |

## આ અંકમાં


૧. પ્રસ્તાવના
૨. સ્થાપનાદિનની ઉજવણી
૩. સફળતાની ચાવી
૪. પ્રવૃત્તિઓ
૫. વિકાસગૃહની મુલાકાતે
૬. N.C.C. અહેવાલ
૭. વ્યવસ્થાપક સમિતિના સભ્યો જોગ પરિપત્ર(૧૯૫૪)
૮. ગણિત ગમ્મત


## વાલીઓને....

વિદ્યાર્થીમિત્રો, વાલીગણ, સમાજ અને શિક્ષણ આલમ જેની ઘણા લાંબા સમયથી આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો એ સેમેસ્ટર સિસ્ટમનો અંત આવ્યો. કદાચ ભાર વિનાના ભણતર તરફનું આ પ્ર મ પગથિયું હશે. હજુ પણ પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા પ્રોગ્રામમાંથી બહાર નીકળી સરકાર ચોક્કસ ''કાળા પાટીયા'' અને ''ચોક''નું સંગમ થાય તેવું વિચારે તો સમાજનું અને શિક્ષણનું હિત સચવાશે, કારણ કે કાગળીયા ઉપર રોજબરોજ પરિપત્રો અને જવાબો લખવા એ જ શિક્ષણ બનતું જાય છે.

આપણી શાળામાં વાલી સાથે મીટીંગમાં ઘણા બધા પ્રશ્નોની છણાવટ થતી રહે છે. વાલી નિઃસંકોચ શાળાનો એક ભાગ બનતો જાય છે. ધોરણ ૧૦, ૧૨ની પેરેન્ટિંગ મીટિંગનું આયોજન પણ સુમેળે કરવામાં આવ્યું અને ઘણા બધા વાલીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા; શાળા પણ એ દિશામાં અગ્રેસર થશે.

શાળાના ગૃહનેતાઓ તથા વર્ગ કેપ્ટન સાથેની વારંવારની મીટિંગને અંતે વિદ્યાર્થી ગણ પણ શું વિચારે છે તે જાણવાનો પ્રયત્ન પણ મૅનેજમેન્ટ કક્ષા સુધી ચાલુ રહ્યો છે. વિદ્યાર્થી નેતા દ્વારા જે સૂચનો થયા છે તે પણ ધ્યાને લેવાની કોશિશ અવિરતપણે ચાલુ છે. આમ, શાળા સર્વાંગી કેળવણી તરફ અગ્રેસર બની રહી છે. શાળામાં દશ્યશ્રાવ્ય સાધનો હેઠળ પણ શાળાનું મીની થિયેટર કાર્યરત છે જ્યાં પ્રોજેક્ટર ઉપર બાળકો મઝા માણતા નજરે પડે છે. સરકારશ્રી તરફથી મળેલ વર્ચ્યુઅલ ક્લાસરૂમને પણ આખરી ઓપ આપવાનું ચાલુ છે.


ઓગસ્ટ-૨૦૧૬

**વિજયભાઈ રાવલ**
**આચાર્ય**

# શારદામંદિરના ૯૩માં સ્થાપના દિનની ઉજવણી

**બાલમંદિર વિભાગના બાળકો દ્વારા તા. ૯-૮-૨૦૧૬ને મંગળવારના રોજ ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની બહેન ચેતના શાહ (દોશી)એ બાળકોને આશીર્વચન આપ્યા હતા, બાળરથીનું પૂજન કર્યું હતું અને તેમના શાળાકાળ દરમિયાનના સંસ્મરણો કહ્યા હતાં.**









## સફળતાની ચાવી



### નેવે કુણાલ મધુકરભાઈ (શા.મં. વિનયમંદિર)

હું નેવે કુણાલ મધુકરભાઈ. આ વર્ષે S.S.C.માં હું આપણી શાળામાં પ્રથમ આવ્યો છું. મને S.S.C.માં ૯૪% મળ્યા છે. આ વાત મારા માટે ખૂબ જ આનંદ-સભર છે.


બોર્ડ ! બોર્ડનું નામ સાંભળતા જ બધાના છક્કા છૂટી જાય છે. કેવું હશે આ બોર્ડ ? કેવી હશે આ બોર્ડની પરીક્ષા ? બહુ અઘરી હશે કે શું ? શું થશે મારું આ બોર્ડમાં ? આવા અનેક પ્રશ્નો સાથે મેં ધોરણ-૧૦માં પ્રવેશ લીધો.

ધોરણ-૯નું વેકેશન પડ્યું તેના ૨ કે ૩ અઠવાડિયા પછી મારું દસમું ધોરણ શરૂ થયું. તે વેકેશન તો થોડીક રમત તથા સ્કૂલ ટ્યૂશનની ભાગ-દોડમાં ક્યાં પસાર થઈ ગયું. તેની કાંઈ ખબર જ ના પડી. હજી, જૂન મહિનો શરૂ થયો હતો ને બધા જ વિષયનું એકસાથે ભણવાનું શરૂ થઈ ગયું. ઘરે પણ માતા-પિતા તથા વડીલો કહેવા લાગ્યા કે દસમું ધોરણ છે, તો ભણવામાં બરાબર ધ્યાન આપ તથા વાંચવા માંડ. જેમ જેમ ભણવાનું વધતું ગયું તેમ મારું ટેન્શન પણ વધી રહ્યું હતું. ટેન્શન એ હતું કે આટલો મોટો કોર્સ કઈ રીતે પતાવવો. ત્યારબાદ તો હું રોજના ૫-૬ કલાક વાંચવા લાગ્યો. શાળા કે ટ્યૂશનમાં જેવા પાઠ પૂરાં થાય કે તરત જ તેને તૈયાર કરતો. આ ઉપરાંત આગળના પાઠોનું પુનરાવર્તન ચાલુ રાખતો. શાળામાં લેવાતી ટેસ્ટમાં બરાબર ધ્યાન આપતો. જ્યારે કોઈ પણ વિષયનો પાઠ સંપૂર્ણ તૈયાર થઈ જાય ત્યારે હું પાઠ્ય-પુસ્તક ઉપરાંત અન્ય રેફરન્સ-બુક્સમાંથી પણ વધારાના પ્રશ્નો તથા M.C.Q. સૉલ્વ કરતો. ગણિતમાં પણ પુસ્તકોના દાખલા ૩ થી ૪ વખત કરતો. ત્યારબાદ જ અન્ય રેફરન્સ બુક્સ જોતો. હું પાઠ તૈયાર કરવામાં ક્યારેય ગોખણપટ્ટી કરતો ન હતો. અમુક અપવાદ પાઠને છોડતાં બાકી પ્રત્યેક પાઠ બરાબર સમજીને યાદ રાખતો. શાળાની પ્રથમ પરીક્ષા દરમ્યાન પણ મેં સતત વાંચન દ્વારા સારા માર્ક્સ મેળવ્યાં. પણ તે પૂરતું નહોતું. લગભગ ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં મેં મારો સંપૂર્ણ કોર્સ પૂરો કર્યો. ત્યારબાદ શાળા દ્વારા કરાવાયેલી પેપર પ્રેક્ટિસ દ્વારા મને બોર્ડમાં પેપર લખવા પૂરતી ઝડપ તથા આત્મવિશ્વાસ મળ્યો.

મારો આ આત્મવિશ્વાસ અચાનક જ અતિ-આત્મવિશ્વાસમાં ફેરવાયો. પણ તેનું પરિણામ તરત જ શાળાની પ્રિલીમનરીની પરીક્ષામાં મળ્યું. તેમાં પ્રથમ પરીક્ષા કરતાં ઓછા માર્ક્સ આવ્યાં. ત્યારે સમજાયું કે આ એ સમયગાળો છે, કે જ્યાં અતિ-આત્મવિશ્વાસને સ્થાન જ નથી. ત્યારબાદ મને વિવિધ લોકોએ અલગ-અલગ પ્રકાશનો કહી તેને વાંચવાની સલાહ આપી. તેથી હું કન્ફ્યૂઝ થઈ ગયો કે હવે પ્રકાશનો પર ભાર આપવો કે પાઠ્યપુસ્તક વાંચવું ? શું કરવું તે સમજાતું ન હતું. પરંતુ શાળાના શિક્ષકોએ મને માત્ર પાઠ્ય-પુસ્તક જ વાંચવા જણાવ્યું. મારા માતા-પિતાએ પણ કહ્યું કે પાઠ્ય-પુસ્તક એ જ સર્વશ્રેષ્ઠ પ્રકાશન છે. તેથી માત્ર તે જ વાંચવું એમ જણાયું. પછી બોર્ડની પરીક્ષાના છેલ્લા મહિને હું ૯થી ૧૦ કલાક વાંચતો, જેમાં આખો દિવસ પાઠ્ય-પુસ્તક વાંચતો તથા રાત્રે ૧થી ૨ કલાક અન્ય પ્રકાશનો કે MCQ Book વાંચતો. જેમ જેમ પરીક્ષા નજીક આવતી હતી તેમ હું પાઠ્યપુસ્તક જ વાંચવા લાગ્યો. છેવટના ૧ અઠવાડિયામાં મેં ૧૦ થી ૧૧ કલાક જેટલું વાંચન કર્યું. આ ઉપરાંત જ્યારે શાળાની પ્રિલીમનરી પરીક્ષા પૂર્ણ થઈ હતી, તે પછીના થોડાક સમયગાળા દરમ્યાન મને જે કઠિન લાગેલા પાઠને હું બે - બે વાર લખીને યાદ રાખતો. જેનો ફાયદો મને બોર્ડની પરીક્ષાના છેલ્લા અઠવાડિયામાં મળ્યો. ત્યારે મને મુદ્દાઓ નવેસરથી યાદ કરવા જ ન પડ્યા. બોર્ડની પરીક્ષામાં પણ ટેન્શન તો ઘણું જ હતું. પરંતુ હું આત્મ-વિશ્વાસની સાથે તથા મારા શિક્ષકો અને માતા-પિતાની મદદ વડે જ આ ઝળહળતું પરિણામ લાવવામાં સફળ રહ્યો.

ખરેખર, મારા શિક્ષકો તથા માતા-પિતા દ્વારા જ હું આ સફળતાની સીડી સર કરી શક્યો. જો શિક્ષકોએ મને યોગ્ય માર્ગદર્શન ન આપ્યું હોત, તો હું આ સફળતા મેળવી જ ન શકત. મારા સારા પરિણામ બદલ મારા તમામ શિક્ષકો તથા મારા માતા-પિતાનો ખૂબ ખૂબ આભાર.

*



**રાજવી કાજીવાલા**

મેં ધોરણ-૧૨ કૉમર્સમાં ૯૧.૨% મેળવ્યા. તે માટે હું મારી શાળાની આભારી છું. મારી શાળાના શિક્ષકો અને મારા ફેમિલી મેમ્બર્સના સહયોગ વિના મહેનત કરવી ઘણી જ અઘરી છે. મારી શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોએ મને ઘણું જ માર્ગદર્શન પૂરું પાડ્યું.

શરૂઆતથી જ હું ટાઇમટેબલ બનાવીને તેને અનુસરતી હતી. રોજેરોજનું વાંચન અને લેખનની પ્રેક્ટિસથી હું ધાર્યું પરિણામ મેળવી શકી. મહેનત કરવાની સાથે ટાઇમ મેનેજમેન્ટ પણ ખૂબ જ જરૂરી છે. અમને શાળામાં દરેક વિષયના પાંચ-પાંચ પેપર લખાવ્યા. જેથી મારા આત્મવિશ્વાસમાં ઘણો વધારો થયો અને પેપર લખવાની સ્પીડ પણ હું જાળવી શકી.

હું આર્કિટેક્ચર ફિલ્ડમાં જવા માગું છું અને મારી આ સફળતા મારી શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોને જ આભારી છે.



**દૃષ્ટિ શાહ**

ધોરણ-૧૨ સાયન્સમાં શાળામાં પ્રથમ ક્રમાંકે ઉત્તિર્ણ થતાં હું ખૂબ જ ગર્વ અનુભવું છું મેં ધો. ૧૨માં ૯૨% મેળવ્યા છે. કહેવાય છે ને કે પરિશ્રમ એ જ સફળતાની ચાવી છે. બધા તો ફક્ત ધોરણ-૧૨ એટલે બોર્ડ, એનાથી ગભરાઈ જાય છે પણ ધોરણ ૧૨ છે તો શું થયું એમાં ! ગભરાવા જેવું કાંઈ નથી. યોગ્ય મહેનત અને ટાઇમ મેનેજમેન્ટથી કોઈ પણ વ્યક્તિ ધારે એ રિઝલ્ટ મેળવી જ શકે છે. મારું રોજનું વાંચન ૮થી ૧૦ કલાકનું હતું. રોજરોજનું ટાઇમ મેનેજમેન્ટ મને ખૂબ જ કામ લાગ્યું. સફળતાનો કોઈ શોર્ટકટ નથી. વાંચતી વખતે હું અલગ નોટ્સ બનાવતી હતી અને અઘરા મુદ્દા હું એ નોટ્સમાં લખતી. સૌથી મહત્ત્વનું ડિફિકલ્ટીનું સોલ્યુશન હતું. હું મનગમતી પ્રવૃત્તિ માટે દિવસનો ૧ કલાક કાઢી લેતી હતી. મારી સફળતાનો શ્રેય મારી શાળા શારદામંદિરને આપું છું કે જ્યાં હું બાલમંદિરથી ધોરણ ૧૨ સુધી ભણી છું. મારી શાળાના શિક્ષકો અને મારી ફેમિલીને આપું છું.

હું ડૉક્ટર બનીને મારું સ્વપ્ન પૂરું કરવા માગું છું અને તેમાં મારી શાળાનો ફાળો મોટો છે. I will miss my school life forever.



**ગૃહનેતા અને વર્ગના પ્રતિનિધિ સાથેની મીટીંગ**

## પ્રવૃત્તિઓ

### ચૂંટણીનું પરિણામ

**ભાઈઓ :**

| | | |
|---|---|---|
| **મહામંત્રી** | શાહ વાદન હિતેશભાઈ | ૮-અ |
| **ઉપમંત્રી** | વ્યાસ માહિ ફાલ્ગુનભાઈ | ૮ અ |
| | ભટ્ટ પ્રાંજલ કેતનકુમાર | ૮ અ |

**બહેનો :**

| | | |
|---|---|---|
| **મહામંત્રી** | શાહ ભાવિ શ્રેણિકભાઈ | ૮ બ |
| **ઉપમંત્રી** | સોની પ્રાચી આનંદભાઈ | ૮ બ |
| | પરીખ સિધ્ધિ અલ્પેશભાઈ | ૮ બ |

**ગૃહનેતાઓ**

| | | | |
|---|---|---|---|
| **ગંગોત્રી :** | ભાઈઓ | (૧) નાગર મીત | ૮ અ |
| | | (૨) રાવલ કુશ | ૮ અ |
| | બહેનો | (૧) વોરા ધ્રુવી | ૮ બ |
| | | (૨) શાહ દિશા | ૮ અ |
| **રત્નદીપ** | ભાઈઓ | (૧) પંચાલ પ્રિથીશ | ૮ અ |
| | | (૨) શાહ નિસર્ગ | ૮ બ |
| | બહેનો | (૧) શાસ્ત્રી કેશા | ૮ બ |
| | | (૨) ત્રિવેદી ધ્રુવી | ૮ બ |
| **ધવલગિરિ** | ભાઈઓ | (૧) મહેતા ધૈર્ય | ૮ બ |
| | | (૨) ત્રિવેદી હર્ષલ | ૮ અ |
| | બહેનો | (૧) ગજ્જર કૃપાલી | ૮ અ |
| | | (૨) નાયક કેરુલ | ૮ અ |
| **મેઘનાદ** | ભાઈઓ | (૧) શાહ પરમ | ૮ બ |
| | | (૨) દેસાઈ આર્યન | ૮ બ |
| | બહેનો | (૧) પટેલ માનસી | ૮ અ |
| | | (૨) ચૌહાન મોનાલી | ૮ બ |
| | | (૩) શાહ ક્રિશ્ના | ૮ બ |

**ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ૨૦૧૫**

**ધોરણ - ૫ સંસ્કૃતિ અંકુર :**
પ્રથમ કાટિયા સાર્થક
દ્વિતીય ઓઝા નૈશા

**ધોરણ - ૬ સંસ્કૃતિ પલ્લવ :**
પ્રથમ પ્રજાપતિ રિયા
દ્વિતીય ડોડિયા અભિજિત

**ધોરણ - ૭ સંસ્કૃતિ પુષ્પ : તાલુકા કક્ષાએ**
પ્રથમ શાહ વાદન
દ્વિતીય શાહ પ્રાચી

**ધોરણ - ૮ સંસ્કૃતિ સુવાસ**
પ્રથમ પટેલ ધ્યાની
દ્વિતીય દુધિયા કુશા

**મહામંડળની રચના**

**બહેનો :**
**નેતા** ઠક્કર ધૈર્યા શ્યામલભાઈ (૧૧-અ)
**ઉપનેતા** શાહ પ્રિયાંશી જિગ્નેશભાઈ (૧૧-અ)

**ભાઈઓ :**
**નેતા :** ઝવેરી જય નરેશભાઈ (૧૧-અ)
**ઉપનેતા :** શાહ સપન પ્રશાંતભાઈ (૯-અ)

**મેઘદૂત :**
**બહેનો :** (૧) શાહ નીશી અમિતભાઈ (૧૧-અ)
(૨) વોરા પ્રાંજલ નેહલકુમાર (૯-બ)
**ભાઈઓ :** (૧) પટેલ કુંજલ ભરતભાઈ (૧૧-અ)
(૨) શુક્લ ઓમ તારકકુમાર (-અ)

**ગીત ગોવિંદ :**
**બહેનો :** (૧) શાહ ખુશ્બુ પ્રકાશભાઈ (૧૧-અ)
(૨) કારિયા રાધિકા નિલેશભાઈ (૧૧-અ)
**ભાઈઓ :** (૧) જાની અંશુલ હિમાંશુભાઈ (૧૧-અ)
(૨) શાહ વંશ ચંદ્રકાન્તભાઈ (૯-બ)

**''ચંદ્રમૌલી'**
**બહેનો :** (૧) ડોબરિયા શ્રુતિ ભાવેશભાઈ (૧૧-અ)
(૨) પરમાર દૃષ્ટિ મેહુલભાઈ (૯-અ)
**ભાઈઓ :** (૧) પંચોલી અદિત વિપુલભાઈ (૧૧-અ)
(૨) વોરા કથન કૌશલકુમાર (૯-બ)

**''પદ્મપુકુર''**
**બહેનો :** (૧) ઠક્કર નિધિ શૈલેષભાઈ (૧૧-અ)
(૨) દોશી જાન્વી પ્રિતેશભાઈ (૯-અ)
**ભાઈઓ :** (૧) દોશી ધૈર્ય નિરંજનભાઈ (૧૧-અ)
(૨) વાઘેલા શિવરાજ ચંદ્રસિંહ (૯-અ)

**પ્રોજેક્ટર રૂમમાં તારીખ ૨૦-૬-૧૬થી ધોરણ ૧થી ૪માં બાળગીતો અને ધોરણ ૫થી ૮માં શૈક્ષણિક એકમો દર્શાવ્યા.**
**ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓની વાલી મિટીંગ તા. ૨૫-૬-૧૬ને શનિવારે યોજાઈ.**

## ACTIVITIES

- **6th June Monday :** School started after Summer Vacation
- **13th June Monday :** Election of class captain
- **25th June Saturday : Election of General Secretary and Assistant General Secretary**

**General Secretary :**

| | |
|---|---|
| Vyas Yuvraj Gaurangbhai | Std. 9 |
| Acharya Jalshree Zankrutbhai | Std. 9 |

**Assistant General Secretary :**

| | |
|---|---|
| Bhatt Dirgh Paragbhai | Std. 9 |
| Nagar Himanshi Yogeshbhai | Std. 9 |

- **28th June Tuesday :**
An information programme was presented by 'Whisper Sanitary Napkins' for Girls of Std. 6 and Std. 7 with their mothers.
- **2nd July Saturday :**
Monsoon Celebration for Std. 1 to 9
Students performed rainy songs keeping Umbrellas in their hands and wearing colourfull raincoats.

| | | |
|---|---|---|
| I | Shah Daksh Ketankumar | 5E |
| II | Gandhi Meet Rupesh | 5E |
| II | Mistry Daksh Bhargav | 6E |
| III | Gohel Kirtan Sachinbhai | 5E |
| III | Patel Suhanee Tejasbhai | 5E |

- **5th July Tuesday :**
Celebration of Rathyatra'
- **7th July Thursday : Group Allotment**

Total number of students from Std. 4 to 9 are alloted in different four groups.

Group Captains

- **AMALTAS :**

First Captains :

| | |
|---|---|
| Amin Achal Divyangbhai | Std. 9 |
| Kharate Shruti Sanjivbhai | Std. 9 |

Second Captains

| | |
|---|---|
| Rana Hrishikesh Harishbhai | Std. 9 |
| Shah Chaitri Abhaybhai | Std. 9 |

- **KADAMB :**

First Captains :

| | |
|---|---|
| Aryan Vimalbhai Shah | Std. 9 |
| Kadia Rajvi Becharbhai | Std. 9 |

Second Captains :

| | |
|---|---|
| Bhatt Dirgh Paragbhai | Std. 9 |
| Acharya Jalshree Zankrutbhai | Std. 9 |

- **PALASH :**

First Captains :

| | |
|---|---|
| Dalal Darsh Jignesbhai | Std. 9 |
| Shah Hetanshi Sanjaybhai | Std. 8 |

- Second Captains :

| | |
|---|---|
| Vyas Yuvraj Gaurangbhai | Std. 9 |
| Nagar Himanshi Yogeshbhai | Std. 9 |

- **PARIJAT :**

First Captains :

| | |
|---|---|
| Shah Ansh Ajaybhai | Std. 9 |
| Upadhyay Yajasi Yegneshbhai | Std. 9 |

- Second Captains :

| | |
|---|---|
| Patel Shivam Chetanbhai | Std. 9 |
| Shah Dhruvi Manishbhai | Std. 8 |

- **14th July Thursday :**
Celebration of Gauri Vrat in assembly
Mehndi Competition (For Girls) Group

I Rathod Namrata Kanaiyalal
Std. 9 Parijat

II Shah Chaitri Abhaybhai
Std. 7 - Amaltas

- II Joshi Kinjal Amitbhai
  Std. 9 - Amaltas
- III Kharate Shruti Sanjeevbhai
  Std. 9 - Amaltas
- III Parmar Honey Udit
  Std. 8 - Palash
- III Vyas Yashvi Udaykumar
  Std. 9 - Palash

❖ **14th July Thursday**


Picture caption competition (For Boys)

- I Dalal Darsh Jignesbhai
  Std. 9 Palash
- II Bhatt Dirgh Paragbhai
  Std. 9 Kadamb
- II Vyas Yuvraj Gaurangbhai
  Std. 9 Palash
- III Patel Om Kaushalbhai
  Std. 9 Parijat
- III Rana Hrishikesh Harishbhai
  Std. 8 Amaltas

❖ **19th July Tuesday :**

Celebration of Gurupurnima, Shloka Recitation and Plays - (Std. 5,6,7)
Classical dance Performance
Students gave roses to all teachers to express their respect.

*



**યોગા-ડે ૨૧ જૂન, ૨૦૧૬ – નિમિત્તે શાળામાં યોજાયેલ કાર્યક્રમ**

**અહેવાલ...**વિકાસગૃહની મુલાકાતે

# અને અમારું હૃદય દ્રવી ઊઠ્યું...

**હિમાદ્રી બ્રહ્મભટ્ટ, ધો. ૧૦-બ**

જ્યારે અમે વિકાસગૃહની અનાથાશ્રમની મુલાકાત લીધી, ત્યારે અમે બાળાઓનું રહેઠાણ અને ભોજનાલયની પણ મુલાકાત લીધી. રહેઠાણને જોઈ અમારું હૃદય દ્રવી ઊઠ્યું કે, આ બાળાઓ કેવી રીતે રહેતી હશે ?

ત્યારે સંસ્થાના આચાર્ય મીનાબહેને અમને કહ્યું, ''અમને લોકોની સહાય મળી રહે છે એટલે આ સંસ્થા ચાલે છે. આ બાળાઓની સેવામાં મને ભગવાન દેખાય છે અને આમની સેવા કરવાથી મને રાતે શાંતિથી ઊંઘ આવે છે.''

તેમણે એટલી સુંદર રીતે અમારું સ્વાગત કર્યું કે તે અમે શબ્દોથી દર્શાવી શકતા નથી ! તેઓનામાં લાગણી એટલી બધી છે કે આપણને રોવું આવી જાય ! જતાં જતાં એક છોકરી બોલી, ''દીદી, તમે ફરી આવશો ને ?'' આ વાક્ય સાંભળી મારું દિલ દ્રવી ઊઠ્યું અને મને થયું કે અમે કેટલા નસીબદાર છીએ કે, અમારા માતા-પિતા આ દુનિયામાં છે.

અહીં, માંદી છોકરીઓ માટે દવાખાનાની પણ વ્યવસ્થા રાખેલ છે. જો કોઈ બાળાને બહુ જ વધારે મોટી તકલીફ થઈ હોય તો તેમને સરકારી હોસ્પિટલોમાં તાત્કાલિક દાખલ કરી તેમને સારી સારવાર આપવામાં આવે છે. અહીં બાલમંદિરથી લઈ કોમર્સ અને સાયન્સ સુધીની શાળા છે. આ શાળામાં ગરીબ છોકરીઓ હોય કે જેના માતા-પિતા ઠેર-ઠેર લોકોના ઘેર કામ કરી અથવા તેમની આર્થિક સ્થિતિ નબળી હોય તેમની બાળાઓ પણ અહીં ભણવા માટે આવે છે.

પછી મેં મીનાબહેનને પૂછ્યું કે, ''અહીં ભણવા સિવાય બીજી કોઈ પ્રવૃત્તિઓ થાય છે ?'' તેમણે જવાબ આવતાં કહ્યું કે, ''અહીં મહેંદી, સંગીત, દિવાળી કાર્ડ, રંગોળી, તોરણ વગેરે જેવી સ્પર્ધાઓ થાય છે જેથી કરીને અહીંની બાળાઓ બહાર નીકળી સમાજમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી શકે.'' તેઓએ ગયા વર્ષે જ "Wake up to dream." નામનો વર્કશોપ રાખી બાળાઓને જાગૃત બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેમણે કહ્યું કે હવે તેઓ "Working woman Hostel" ની સ્થાપના કરવાનું વિચારી રહ્યા છે. આ સંસ્થા ફક્ત બાળાઓને જ નહિ પરંતુ સ્ત્રીઓને પણ રહેવાની જગ્યા મતલબ પરવાનગી આપે છે. અહીં, એવી સ્ત્રીઓને આશ્રય આપવામાં આવે છે કે જે લોકોને તેમના સાસરિયા તરફથી અને પતિ તરફથી ખૂબ જ ત્રાસ અપાતો હોય. એક વકીલ, આ સ્ત્રીઓ તરફથી કેસ લડે છે અનો મોટેભાગે પતિ-પત્ની વચ્ચે સમાધાન લાવે છે.

અહીં, આ બાળાઓના શોખ પ્રમાણેની ફિલ્મ પણ રાખવામાં આવે છે. અહીં, અલગ-અલગ NGO આવી, આ બાળાઓ માટે જુદા જુદા કાર્યક્રમો રાખે છે અથવા તો તેઓ પોતે કંઈક કરી બાળાઓને મનોરંજિત કરી, તેમને આનંદિત રાખે છે. આ સંસ્થામાં લગભગ ૬૦૦ થી ૭૦૦ બાળાઓને આશ્રયથી માંડી ભણવા માટેની સુવિધા આપવામાં આવે છે.

હાલમાં જ, આ સંસ્થાએ ''બેટી બચાવો.'' ના નારા લગાવીને રેલી કાઢી હતી કે જેથી હજી પણ થોડા માણસોમાં બેટી પ્રત્યે તફાવત હોય કે જેને સ્ત્રીનું સન્માન કરતાં ન આવડતું હોય તેને સમજણ આપી શકાય. મીનાબહેને અમને એક ૫ વર્ષની છોકરીનો કિસ્સો કહ્યો, જે સાંભળી અમારું હૃદય દ્રવી ઊઠ્યું અને હું તો રડી જ પડી... તેમણે કહ્યું કે, ''આ છોકરી ફક્ત ૫ વર્ષની હતી અને તેના માતા-પિતા મૃત્યુ પામ્યા. પછી તેનું આ દુનિયામાં કોઈ જ ન હતું. તેના દાદા તે છોકરીને દરરોજ મારતાં અને તેને ત્રાસ આપતાં. જ્યારે મીનાબહેને આ જોયું તો તરત જ એ છોકરીને અહીં લઈ આવ્યા. થોડા દિવસ પછી તેના મોઢા પર કાળા ડાઘા પડી ગયા અને મોંઢાનો તો જાણે આકાર જ બદલાઈ ગયો.

બિચારી ! આ સાંભળી હું રડી પડી. પછી તેમણે કહ્યુ કે સરકાર તરફથી તેને આવતા મહિને બહારની સરકારી હોસ્પિટલમાં લઈ જઈ તેની પ્લાસ્ટિક સર્જરી કરીને તેને નવું રૂપ આપવામાં આવશે જેથી તેને કોઈનાથી ડરી-ડરીને રહેવું ન પડે !

આ સંસ્થાની મુલાકાત લીધા બાદ અમને ખબર પડી કે આપણા સમાજમાં આવી છોકરીઓ પણ છે કે જેને માતા નથી કે પિતા નથી અથવા તો બંને નથી. હવે, તમે જ વિચારો કે આપણે તો એક દિવસ પણ માતા વગર કે પિતા વગર રહી શકતા નથી. તો આ બાળાઓની જિંદગી કેવી હશે !

છેલ્લે, અમે આ બાળાઓને એટલે કે અમારી સાથે બેઠેલી ૫૦ વિદ્યાર્થિનીઓને અંગત વસ્તુઓ તો આપી, પરંતુ સંસ્થાને અલગથી ૧ ડઝન ચોપડા, ૧૦૦ પેન, કલર અને કપડાં આપ્યાં. જતાં પહેલાં અમે તે વિદ્યાર્થિનીઓ સાથે અલ્પાહાર પણ કર્યો.

સાચે, આ સંસ્થાની મુલાકાત લીધા પછી અમને બધાને ખબર પડી કે અમે કેટલા નસીબદાર છીએ કે અમારા માતા-પિતા છે.

**અહેવાલ...**વિકાસગૃહની મુલાકાતે

# અને અમારું હૃદય દ્રવી ઊઠ્યું...

**વિશ્વા દવે,** ધો. ૧૦

તા. ૨૪-૬-૧૬ના રોજ અમારી શાળામાંથી 'પાલડી વિકાસગૃહ' જવાનું થયું હતું. હું પણ તેમાં જોડાઈ હતી. શારદામંદિરની ધો. ૧૦ની વિદ્યાર્થિનીઓ સવારે નવ વાગ્યે વિકાસગૃહ પહોંચી હતી. અમારી શાળાના બે શિક્ષિકા બહેનો, સુનીતાબહેન પટેલ અને દક્ષાબહેન પટેલ, અમારી સાથે આવ્યા હતા.

વિકાસગૃહના દરવાજા પાસેના બે મહિલા પોલીસે રજિસ્ટર ફાઇલમાં અમારા નામ ચેક કરી, અમને અંદર પ્રવેશ કરવા દીધો. અમે અંદર પ્રવેશ્યા, તે ખૂબ મોટી જગ્યા હતી અને ત્યાં વૃક્ષો પણ ખૂબ જ હતા.પછી વિકાસગૃહના પ્રિન્સિપાલ મીનાબહેન રાવલે અમારું સ્વાગત કર્યું. મીનાબહેન રાવલ ૧૪ વર્ષથી તે સંસ્થામાં પ્રિન્સિપાલના પદ પર છે. તેમણે અમને વિકાસગૃહ વિશેની માહિતી આપી. તેમણે કહ્યું તેમ, ૧૯૩૭માં આ અનાથ આશ્રમમાં ગાંધીજી અને જવાહરલાલ નહેરુ મુલાકાતે આવ્યા હતા અને ત્યારથી લઈને અત્યાર સુધી આ સંસ્થા કાર્યરત રહી છે.

સૌથી પહેલા અમે લોકોએ બાળાઓના રહેઠાણની મુલાકાત લીધી, ત્યાં ઘણી બધી નાની છોકરીઓ આંટા મારતી હતી, અમે ગયા તો તે બધી લાગણીથી વશ થઈને અમારી નજીક આવી ગઈ. પછી અમે લોકો ત્યાંથી તેમના ભોજનાલયમાં ગયા. ભોજનાલય પણ ખૂબ મોટું હતું, ત્યાં અંદર રસોડામાં ચાર-પાંચ બહેનો કામ કરતી હતી, કોઈક ડુંગળી સમારતું હતું, તો કોઈક રોટલી વણતું હતું. સામે ખૂબ જ મોટા ગેસ પર બે મોટા તપેલા ચડાવ્યા હતા. મીનાબહેને કહ્યું તેમ ધો. ૧૦માં નાપાસ થયેલી વિદ્યાર્થિનીઓ રસોઈના કામકાજમાં સેવા આપતી હતી. દરરોજ રોટલા કરવા માટે વારો રાખ્યો હતો. તેમણે એ પણ કહ્યું કે, કોઈપણ છોકરી અડધી રાત્રે વિકાસગૃહમાં મદદ માટે કે આશરો મેળવવા માટે પ્રવેશી શકે છે. જે બહેનોના છૂટાછેડા થયા હોય, તે બહેનોનો કેસ લડવા માટે પણ તેમણે ત્યાં વકીલ રાખ્યા છે. છૂટાછેડા થાય પછી બહેનો વિકાસગૃહમાં આવેલા ''રેસક્યુ કેમ્પસ''માં રહીને સીવણકામ જેવા ગૃહકાર્યો કરે છે.

જે છોકરીઓએ વ્રત રાખ્યું હોય, તેના માટે મંદિરની વ્યવસ્થા પણ હતી. તે મંદિર જોવા અમે ગયા હતા. ત્યાંથી બહાર નીકળી અમે મેદાનમાં આવ્યા, તો ત્યાં નાની છોકરીઓ માટે હીંચકા, લપસણી, ચગડોળ વગેરેની વ્યવસ્થા પણ હતી. મેદાનમાં દસમા ધોરણની વિદ્યાર્થિનીઓ નીચે બેસીને ભણતી હતી તે વખતે તેમનો રિસેસનો સમય હતો. અમે લોકો પણ તેમની જોડે તેમની સાથે નીચે બેસી ગયા. પછી અમે મીનાબહેનને કેટલાક પ્રશ્નો પૂછ્યાં, જેના તેમણે ઘણાં જ સારા અને સંતોષપૂર્વક ઉત્તર આપ્યા. અમારો એક પ્રશ્ન હતો કે, ''આ સેવા કરવામાં તેમને રસ છે ? અને છે, તો કેમ છે ?'' તેમણે ઉત્તર આપતા કહ્યું કે, તેમને આ સેવા કરવામાં ખૂબ જ મજા આવે છે અને આ સેવાથી તેમને આરામથી ઊંઘ આવે છે અને એવું લાગે છે કે ભગવાન તેમને દરેક કામમાં મદદ કરે છે.'' અમારો બીજો સવાલ એ હતો કે, ''આ સેવા કરવાથી તેમને તેમના પોતાના પરિવાર તરફથી કેવો અભિપ્રાય મળે છે ?'' તેમણે ઉત્તર આપતા કહ્યું કે, ''આ સેવા કરવામાં તેમના પરિવારનો ખૂબ જ શ્રેય મળે છે અને તેમના પતિ, બાળકો પણ સેવામાં ઘણું એવું યોગદાન આપે છે અને તેમને આ સેવા કરવામાં પ્રોત્સાહિત પણ કરે છે.'' આમ, અમે આવા કેટલાક પ્રશ્નો કર્યા, જેના તેમણે ખૂબ સારા ઉત્તર આપ્યા. પછી મીનાબહેને કહ્યું તેમ, આખા વિકાસગૃહની કામગીરી 'ગુજરાત સમાચાર'ના સ્મૃતિબહેન શાહ અને પ્રજ્ઞાબહેન નાણાવટી તેમજ ઘણા-બધા ટ્રસ્ટીઓ સંભાળે છે. દર પાંચ વર્ષે સમિતિ બદલાતી રહે છે. તેમણે કહ્યું તેમ,ત્યાંની બધી છોકરીઓમાંથી અમુક છોકરીઓના માતા-પિતા નથી હોતા, અમુક છોકરીઓને જો માતા હોય તો પિતા નથી હોતા અને જો પિતા હોય તો માતા નથી હોતી.

આમ આવી પણ ઘણી છોકરીઓ હતી. ત્યાંના એક ક્લાસમાં સંખ્યા ૬૦ છોકરીઓની હતી અને ત્યાં ૮૦ છોકરીઓ બાલમંદિરમાં છે.

ગયા વર્ષે તે લોકોને પ્રવાસ લઈ જવા માટે સરકારે દાન આપ્યું હતું. કૉમ્પ્યૂટર લેબ, પ્રયોગરૂમ વગેરે બધા જ માટે ત્યાં દાન મળે છે. ત્યાર બાદ ત્યાંની એક છોકરીએ ઊભી થઈને અમને પ્રશ્ન કર્યો કે તમારી શાળામાં કયા-કયા પ્રોગ્રામ (કાર્યક્રમ) થાય ? તો અમારી શાળાની અમારી સાથે આવેલી દરેક છોકરીએ ઊભી થઈને બધા જ પ્રોગ્રામ વિશે જણાવ્યું. ઘણી બધી વાતચીત બાદ અમારા શિક્ષકોએ અમને એવી રીતે ગોઠવ્યા કે એક વિદ્યાર્થિની વિકાસગૃહની હોય અને એક વિદ્યાર્થિની અમારી શાળાની હોય. મારી બાજુમાં કવિતા નામની છોકરી બેઠી. તેણે કહ્યું તેમ, તેના મમ્મી-પપ્પા મૃત્યુ પામ્યા ત્યારે તે બાલમંદિરમાં હતી પરંતુ પછી કોઈએ તેને બાલમંદિરથી જ, વિકાસગૃહમાં શિક્ષણ મેળવવા માટે મોકલી. ૭-૩૦થી ૧૧-૦૦ સુધી ભણીને તે તેના ઘરે પાછી જતી. બધી છોકરીઓની જેમ તે વિકાસગૃહમાં કાયમ રહેતી ન હતી. પછી મેં તેને ભેટરૂપે ચાર પેનો આપી. મારી પાછળ બેઠેલી છોકરીને પણ મેં ચાર પેનો આપી. પછી મેં અને કવિતાએ અડધો કલાક બેસીને વાતો કરી.મેં એને મારો નાસ્તો આપ્યો. અમે બંનેએ હળી-મળીને ખાધો. પહેલા તો એ નાસ્તો લેવા માટે આનાકાની કરતી હતી પરંતુ પછીથી તે ખાવા લાગી. થોડી વાર રહીને ત્યાંનો બેલ વાગતા તેમની રીસેસ પૂરી થઈ ગઈ અને તે ભણવા માટે વર્ગખંડમાં જતી રહી. પછી અમે પણ ૧૧-૦૦ વાગ્યે ત્યાંથી વિદાય લીધી. જ્યાં સુધી અમારી કેટલીક છોકરીઓના માતા-પિતા અમને લેવા નહોતા આવ્યા, ત્યાં સુધી બંને શિક્ષિકાબહેનો અમારી સાથે ઊભાં રહ્યાં અને અમારા માતા-પિતા આવતા, તેમણે (શિક્ષકો) પણ વિદાય લીધી.

મારી આ યાદગાર મુલાકાતની ક્ષણો હંમેશાં મારા સ્મૃતિપટ પર જીવંત રહેશે.

*

## REPORT

# The N.C.C. Camp held at Amarkantak (M.P.)

**Shukla Om Tarakkumar & Ramani Abhishek Hitendrabhai**

When I hear the word ‘Adventure, my heart reems with joy. My imagination reaches it’s peak. These are the words and feelings of my own. When I came to know that I had to go for an ‘N.C.C. Camp at Amarkantak.’ Amarkantak is a place situated in M.P. This place has it’s importance from the point of view religion as well as adventure. Our holy river the Narmada emerges from it. This palce is 1236 km. from Ahmedabad,. The dates of my camp were from 8-5-16 to 16-5-16. We started our journey on 7-5-16 from Kalupur railway station, Ahmedabad. There were 40 cadets from different schools. It was really a joy for me because it was as ‘Unity in Diversity.’ All were Naval cadets. Among them there were ‘SD’ and ‘JD’ students.

We all gathered at 12-00 a.m. on the platform No. 6, Our instructor gave us the instruction., meanwhile our train arrived and we boarded the train at 12-30 p.m. We had to reach frst at ‘Nagpur Station.’ Next day on 8-5-16. We reached Nagpur at 6-30 p.m. We had to change our train for Jabalpur from there. We started our journey for Jabalpur at 7-30 pm, and reached there at 4-00 a.m. on 9-5-16. We took our breakfast on the platfrom and from there we caught our train at 7-30 a.m. for ‘Pandra Road’ station. It was 227 Km. awayfrom Jabalpur. It was not the end of our journey. We had to travel 27 Km. by bus for our base-camp site which was near Amarkant. From there we travelled in N.C.C. bus and reached the base-camp at 9-00 p.m. We were tired after long journey. We enjoyed lot throughout went to the journey. After reaching there we were given some instructions and were alloted the rooms. We were so tired that we sleep without noticing the place of the base-camp. Next day we came to know that it was an adivasi school.

N.C.C. camp is a camp of adventure and discipline. Discipline is must for N.C.C. so from the next day that is from 10-5-16. We had to get up sharp between 4-00 a.m. to 5-00 a.m. early in the morning for follow-on. At 6-00 a.m. we used to go for breakfast and after breakfast we did our tracking everyday. We were divided into different companies like : ALFA, BRAVO, CHARLY. DELTA & ECO. Our Gujarat 20 JD’s. were in BRAVO and rest SD’s were in ALFA. Our tracking routes were given according to the companies. Everyday we returned back at 12-30 p.m. to the basecamp which was followed by Lunch and rest upto 4-00 p.m. Everyday 4-00 p.m. to 6-30 p.m. was the time of games, cultural programme, any activity related our state etc. We had volley ball tournament. Our Gujarat team was selected for semi-fnal. We lost the match. After games we had lectures from our instructors. We used to go for dinner at 7-30 p.m. everyday. There wasn’t any programme after dinner we used to go to our rooms and interact with our freinds of different states.

Our tracking destinations were at different places & on different dates. On 10-5-16 we went to Durgadhara. We had to track 16 k.m. in return. On the way to this track we saw Saint Kabir forest. It was really a hill climing it. On 11-5-16 we tracked to the place which was 8 km. It was a beautiful place from where we saw sunrise and sunset both. On the way we visited the temple of ‘Narmadamata.’ Then on 12-5-16 we visited a tourist spot. We tracked for 4 Km. There we visited Jain temple, Narmada mata temple, a garden of Gurudwara. We enjoyed the Sculptural work of the Jain temple. On 13-5-016 we tracked to a beautiful garden & nursery which was 1 to 2 Km away. There we enjoyed the beautiful of trees like Nilgiri, Rudraksh & Nakshatra. 14-5-16 was our hardest a diffcult tracking which was 15 km. We had tracked to Kapildhara. There we saw caves. In the caves we saw many bats & snakes. There were numbers of streams emerging from the caves. It was really a beautiful site. On 15-5-16 we visited Indira Gandhi University. It was an educational visit. We saw classes & library. The library contained 1,00,000 of books. Institutions like N.C.C., N.S.S. & R.S.S. are related to this university. N.C.C. students gave a lots of information there. On 16-5-16 at 2-00 p.m. we started our return journey on and 18-5-16 at 8-00 a.m. morning we reached back to our Kalupur station. My adventurous tracking came to an end.

Memorable activities done in the camp are :

(1) Daily, Hill Climbing.
(2) Adjusting with Shri Om Prakash Sir.
(3) Visit to Indira Gandhi University.
(4) Admirable bahaviour of my Gujarat SD.
(5) Lovely accomodation of camp-site.

*

## સુરક્ષાસેતુ

### ગુજરાતની મહિલાઓને અભય બનાવતી ૧૮૧ મહિલા હેલ્પલાઈન સેવા (તા.૨૧-૭-૧૬)

પાલડી પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા અભ્યમ રેસ્ક્યુવાન દ્વારા જરૂરતમંદ મહિલાઓને તાત્કાલિક સહાય અને સેવા કેવી રીતે પૂરી પાડવામાં આવે છે, તેની માહિતી આપવામાં આવી.

મહિલાઓને તેમની સમસ્યા સંદર્ભે તાલીમબદ્ધ નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થિનીઓને પ્રેક્ટીકલ ડેમો દ્વારા બતાવ્યું. અઘટિત બનાવ સમયે અથવા અસામાજિક તત્ત્વો દ્વારા થતી મહિલાઓની છેડતીના સમયે મહિલાઓએ સ્વ-બચાવ – self defence – કેવી રીતે કરવો, તે કરી બતાવ્યું. તેમણે અલગ અલગ પાંચ રીતે સ્વ-બચાવ કરવાનું શીખવ્યું:

૧ – ગળામાં દુપટ્ટો ભરાવીને સ્વબચાવ

૨ – પેન હાથવગી હોય, તો તેનાથી ગળામાં હુમલો કરવો.

૩ – સાઈકલ કે સ્કુટરની ચાવીથી હુમલો

૪ – સેન્ટર પોઈન્ટ પર કીક (લાત) મારવી.

૫ – પોતાના હાથના આંગળાથી સામી વ્યક્તિની આંખ ઉપર હુમલો કરવો.

આજના સમયમાં બહેનોએ આ શીખવું ખૂબ જરૂરી છે.

ધો.૭, ૮, ૯ ની વિદ્યાર્થિનીઓએ એક કલાક સુધી આ કાર્યક્રમ માણ્યો અને તેઓ ઘણું બધું શીખ્યા.

## પ્રતિભાવ

### શારદામંદિર બાલમંદિરની મુલાકાતે આવેલા અવર ઓન શાળા, પ્રાંતિજના શિક્ષકોનો શાળા વિષે અભિપ્રાય, તા.૨૫-૭-૧૬

ખૂબ જ સરસ – પ્રશંસનીય – ગુજરાતભરનાં અન્ય તમામ બાલમંદિરો માટે આદર્શ અને પ્રેરણાદાયી કહી શકાય એવું સંકુલ તથા તમામ પ્રવૃત્તિઓ... અવાજ, આકાર, સંખ્યા, જેવું પાયાનું જ્ઞાન પણ બાળકોને ઔપચારિક રીતે અને મોન્ટેસોરિ પદ્ધતિથી અપાય છે, એ પ્રશંસનીય છે. શિક્ષકો, આચાર્યા બહેન તથા તમામ સ્ટાફનો સ્વભાવ બાળકો માટે પ્રેમાળ અને માયાળુ છે. બાળક પોતાના ઘરેથી નીકળી બીજા પોતાના જ ઘરે આવતું હોય તેવું ઘરેલૂ વાતાવરણ છે. અભિનંદન. ધન્યવાદ.

**પરેશ પરમાર.**
અવર ઑન વિદ્યાવિહાર, પ્રાંતિજ.

સરસ બાલમંદિરનું શાંત વાતાવરણ ઊભું કરેલું છે. સૌથી વધારે વાતાવરણ સંગીતમય હતું, તેમાં આનંદ થયો.

આ બાલમંદિરમાં જુદી પ્રવૃત્તિઓ દ્વારા પાયાનું જ્ઞાન આપવામાં આવ્યું, તે અમને સરસ લાગ્યું. અહીં આચાર્ય બહેન અને સ્ટાફના શિક્ષકોનો સ્વભાવ અમને ખૂબ પ્રેમાળ લાગ્યો.

ખૂબ... ધન્યવાદ.

**એમ.વી.જોષી**
અવર ઑન બાલમંદિર, પ્રાંતિજ.

### વાલી પ્રતિભાવ

**ભારતીય સંસ્કૃતિના પારંપરિક વારસા અને સંસ્કારને તથા આચાર્ય દેવો ભવ ના વૈદિક વિધાનને ઉજાગર કરતા આ વિશિષ્ટ દિન એવા ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસની ઉજવણી પ્રસંગે આપને મારા સાદર વંદન.**


મારી દીકરી કુ.કેસલ હેમાંગ નાયક, આપની સંસ્થામાં ધો.૮-અ માં શિક્ષણની સાથે શિસ્ત અને ભારતીય, વિશેષ કરીને ગુજરાતી પરંપરા અનુસારની સભ્યતાનું જ્ઞાન પ્રાપ્ત કરે છે જેનો મને એક ગુજરાતી તરીકે પણ ગૌરવનો અનુભવ કરાવતી રહે છે. ઉપરાંત વખતો વખત આપની સંસ્થાના ઉપક્રમે યોજાતા ભારતીય સંસ્કૃતિના વિવિધ તહેવારો અને પ્રસંગોની ઉજવણીના પ્રસંગોમાં પણ આપની સંસ્થાના સુજ્ઞ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ઉમળકાભેર ભાગ લેતી રહી છે.

આજના આ પવિત્ર દિવસે કુ.કેસલ પોતાના તરફથી સંસ્થાના પુસ્તકાલયને મનોવિજ્ઞાનને લગતા એક પુસ્તકની અમુક નકલો ભેટસ્વરુપે આપવા ઈચ્છે છે, જે સ્વીકારવા આપને મારી નમ્ર વિનંતી છે. આ પુસ્તકના લેખિકા કુ.કેસલના દાદીશ્રી ડૉ. દિપ્તી જી.નાયક, સ્વયં એક બહુપ્રતિષ્ઠિત મહાવિદ્યાલયમાં મનોવિજ્ઞાનના આધ્યાપક રહી ચૂકેલ છે, જે આપની જાણ ખાતર ઉમેરવાની રજા લઉં છું.

આભાર સહ,

**હેમાંગ જી.નાયક**

## THANKING SPEECH



Kishan

Respected Teachers entire staff of Sharda Mandir Modern High School, and readers Thank you for giving me this opportunity to express my gratitude towards each and every person responsible for my success in my career. I frmly believe that no success is possible without motivating, hardworking and strong team behind each and every student. All the are highly respectable throughout my life and I will be grateful to them for whatever efforts they took to make me whoever I am today. I feel very fortunate to be a part of this school and to this temple of education with such an inspiring results. Thanking you.

Yours
Kishan



Dhanvi

Board ! the most important part of student academic life, the part of the life which can either make him a hero or even a big zero. The table which turns can change his whole life. It may seem hard for a student to reach it's goal, but if student is well planned and hard working during his academic life, student life becomes full of happiness.

To full student life with full of happiness, one he has to do work with planning and time management. Time management is very important thing, once student can manage time, his study becomes easier student should be very regular in his day to day work with very much perfection. Student should study must atleast 3 hours in a day. All the best for your studies. Thank you.

Dhanvi Shah



Harsh

I am Harsh

I say to you

"Smart work is the only key to Success." Don't forget this ever. Defnite - ly for achieving Success reading the subject textbook is the most benifcial. While preparing for exam never think about marks only think about perfection.

Each and Every stage my school has supported me. I am so thankful to all the teachers as well as my school for guiding me in my studies and helping me to achieve my dream goal.

No words to decribe about my school.

Finally Best of Luck to fellow 10th and 12th Studens.



# ગણિત ગમ્મત


**સંકલન : શ્રી હર્ષદભાઈ પટેલ**

(૧) જો L = +, M = –, N = x, P = ÷ તો 5N 5P 5M 5 = ?

(૨) 144 : 13 : 49 :

(A) 10 (B) 11 (C) 8 (D) 9

(૩) આપવામાં આવેલી જવાબ આકૃતિઓમાંથી પ્રશ્ન આકૃતિનું અરીસામાં દેખાતું પ્રતિબિંબ કયું હશે ?



**જવાબ : આકૃતિઓ :**



(A) (B) (C) (D)

(૪) જો Aના પિતાની પુત્રી Bની માતા હોય તો A અને Bને શું સગપણ થાય ?

(A) મામા (B) કાકા (C) પિતા (D) ભાઈ

## વ્યવસ્થાપક સમિતિના સભ્યો જોગ પરિપત્ર (૧૯૫૪)

છેલ્લા ત્રણ વર્ષથી આપણે હાઇસ્કૂલના પ્રદેશમાં પગ મૂક્યો છે.એટલે આપણો નાણાકીય પ્રશ્ન આપણને મૂંઝવી રહ્યો છે. આપણી નાણાકીય પરિસ્થિતિની સમજથી આપ પૂર્ણ વાકેફગાર હો તે જરૂરનું છે. જ્યાં સુધી માધ્યમિક શિક્ષણનો પ્રદેશ આપણે હાથ નહોતો ધર્યો ત્યાં સુધી સંસ્થાના ચાલુ નિભાવ માટે નાણાની જરૂર નહોતી રહેતી તેની સાક્ષી તે વર્ષોના હિસાબ પૂરશે.

આ વિભાગ શરૂ કર્યાથી આપણે બાલમંદિરથી માંડી માધ્યમિક શિક્ષણ પૂરું થાય તેવો એક અકબંધ સળંગ સૂતરનો પ્રયોગ આદર્યો છે. આજે બાલમંદિર અને આપણી પ્રાથમિક શાળાથી ભરતી થતા આ વિભાગના વાતાવરણથી અને કાર્યથી ગૌરવ લઈ શકાય તેવું છે. આપ સૌ જે હિંમત અને નાણાકિય સહાય આપી રહ્યાં છો તે ચાલુ રહેશે તો ઉત્તમ કોટિની માધ્યમિક શાળાની ભેટ આપ સમાજને ધરી શકશો એવો વિશ્વાસ હું આપું છું.

કેળવણીનાં કામ નાણાં વિના આગળ ધપી શકતાં નથી, બજારું કેળવણી આપવાનો આપણો ઉદ્દેશ નથી. આપણે નવસર્જન માટે મથીએ છીએ, નવસર્જન નાણાં વિના કેવી રીતે શક્ય બને ? આપ સૌ પુખ્તપણે આ બાબતનો વિચાર કરો અને તેવું કંઈક બનશે એવી આશા છે.

અત્યારે આવતા વર્ષના નવા વર્ગો બેસાડવાની જોગવાઈ ઉતરી ગઈ છે.આટલેથી મકાનની સગવડ ઉતારવામાં આપણી ઈતિક્તવ્યતા નથી થતી એ સ્પષ્ટ કરવું જોઈએ. હવે એટલે કે આવતા જૂનથી ૧૯૫૫ના વર્ષ સુધીના એક વર્ષમાં આપણે પ્રતિ વર્ષે બે વર્ષ સુધી બબ્બે નવા રૂમ્સ ચણવા જોઈશે. તેમાટે પ્રતિ વર્ષ બે વર્ષ પૂરતા આઠ, આઠ, હજાર રૂપિયાની અંદાજે જરૂર રહેવાની. અત્યારના મકાનની ઉપરના મજલાની બંને પાંખીની બાકી રહેતી બે બે રૂમ લઈ જઈ વર્ષમાં ૧૫ + ૧ હજારના ખર્ચે તે બાંધી શકાય. તો સાડા બાર હજારના ખર્ચે ઉપરના ગૃહ જુદું બાંધવાના સંયોગ ..............

જે નવો બ્લોક સાડા બાર હજારના દાનથી બંધાઈ રહ્યો છે તે પૂરો થતાં જેનો પૂરેપૂરો હિસાબ ચૂકવતાં અઢી હજાર રૂ. તે માટે આપણે લાવવાના રહેશે. તે પરચુરણ રકમથી.

હાઈસ્કૂલની બસ અને સાધનસામગ્રી તથા અન્ય વિભાગો વગેરેની આવક જાવક અને પ્રતિવર્ષના નાટકની આવક વગેરેની સમગ્ર સમિક્ષા કરતાં મને લાગે છે કે, પ્રતિ વર્ષે આપણે ત્રણેક હજાર રૂપિયા લાવવાના રહે. આ જરૂરિયાત હવેના ત્રણ વર્ષ પૂરતી જ માનું છું. ત્રણ વર્ષ પછી બધા વિભાગો સરભર રહેશે. કદાચ હાઈસ્કૂલ વિભાગ મકાનના વપરાશની આવક આવશે.

દૂરના ભવિષ્ય માટે હાઇસ્કૂલના એક લાખ રૂપિયાના અંદાજમાં સ્વતંત્ર મકાનની જરૂર ઊભી છે. આ જરૂરિયાત ચપટી વગાડતાં પૂરી પડે કેવી વિપુલ લાગવગ આપ સૌની છે. હાઇસ્કૂલે પોતાનું મકાન મળશે ત્યારે આ મકાનમાં બાલમંદિર અને શિશુમંદિરનો સમાવેશ થઈ શકશે. આટલા ઉપરથી આપ જોઈ શકો છો કે કેળવણીની સંસ્થા એક દીકરી જેવી છે. તે પ્રસંગે પ્રસંગે મોટી અપેક્ષા રાખવાની જ.

આમ છતાં, આપણે હિંમત શા માટે હારીએ ? **''હિંમતે મર્દા તો મદદે ખુદા.''** આ સૂત્રાનુસાર આપણી મજલ જે ઇશ્વર કપાવતો આવ્યો છે તેનો જે હેતુ હોય તે પાર પાડવા દઈએ.

**''તે તારે કે ડૂબાડે.''**

આપણે આજનો લ્હાવો લઈએ અને આજની ક્ષણ સુધારીએ. તે કેવી રીતે સુધરે. તેની વિચારણા ઉપરની નાણાંકીય સ્થિતિ જોઈ નક્કી કરીએ.

આ સંસ્થા સમક્ષ આવા મૂંઝવતા પ્રશ્નો પ્રતિ ત્રણ વર્ષે આવે જાય છે અને તેના વ્યવહારુ ઉકેલ આપ જણો છો.

માધ્યમિક શિક્ષણ ક્ષેત્રમાં ધ્રૂજતા પગે સંસ્થાએ પ્રવેશ કર્યો, પરંતુ, વર્ષો જૂના તેના અનુભવના પરિપાઠ અને ભાથાથી આજે આ ક્ષેત્રમાં ઉન્નત મસ્તકે તે ઊભી છે એ ગૌરવ લેવા જેવી નક્કર હકીકત છે. તેની નાણાકીય સ્થિતિ જો ઉચાટ ઉપજાવે તેવી ન હોય તો વિશેષ સુવાસ પ્રસરે તેમાં શંકા નથી. છતાં અત્યારના મનોમંથનોથી સંસ્થા જે કસોટીઓમાંથી પસાર થઈ રહી છે તેની અસર ઉજ્જ્વળ રૂપે પરિણમશે. આપ સૌના વિશ્વાસ, સહકાર અને એકદિલીથી ચાલતું. આ નાવ કિનારે આવતાં શિક્ષણના દરિયામાંથી મહામૂલા ઉંચા રત્નો અને અનુભવોનો પરિપાક સમાજને ખોળો ધરશે એ સંબંધે અમારો અચળ વિશ્વાસ છે.

લી. **વજુભાઈ દવે, ૧૯૫૪**

*

**પ્રેરણાત્મક**

## વોરન બફેટ (વિશ્વના બીજા નંબરના ધનિક)

વોરન બફેટે ૩૧ બિલિયન ડોલરનું દાન કર્યું તે પછી સીએનબીસીએ લીધેલા તેમના ટેલિવિઝન ઇન્ટરવ્યૂ દરમિયાન તેમણે કરેલાં કેટલાંક વિધાન વિશ્વભરના ધનપતિઓ માટે જ નહીં પરંતુ દુનિયાભરના તમામ લોકોએ તેમાંથી શીખવા જેવી વાત છે. કેટલીક મહત્ત્વપૂર્ણ વાતો આ પ્રમાણે છે :

(૧) મને મારી જિંદગીની કમાણીનો હિસ્સો પહેલી જ વાર ૧૧ વર્ષની વયે પ્રાપ્ત થયો હતો. એ વખતે મોંઘવારી નહોતી. તમે તમારાં બાળકોને ઇન્વેસ્ટ કરતાં શીખવો.

(૨) મેં ૧૪ વર્ષની વયે ન્યૂઝ પેપર્સનું વિતરણ કરીને જે બચત કરી હતી તેમાંથી મેં એક નાનકડું ફાર્મ ખરીદ્યું. તમે નાનકડી પણ બચત કરીને ઘણું મેળવી શકો છો. તમે તમારા સંતાનને કોઈ પણ ધંધો કરવા પ્રોત્સાહિત કરો. મેં ૧૧ વર્ષની વયે કમાણીની શરૂઆત કરી હતી, પરંતુ આજે મને લાગે છે કે મેં ઘણું મોડું શરૂ કર્યું. મારે તે કરતાંય વહેલાં કમાવાનું શરૂ કરવાની જરૂર હતી.

(૩) હું આજે પણ ત્રણ બેડરૂમના નાનકડા ઘરમાં રહું છું. આ ઘર મેં આજથી ૫૦ વર્ષ પહેલાં મિડટાઉન ઓમાહામાં ખરીદ્યું હતું. મારા આ નાનકડા ઘરમાં કોઈ દીવાલો કે બહાર તારની વાડ નથી. મારા ઘરમાં મારે જેની જરૂર છે તેટલી ચીજવસ્તુઓ જ ઉપલબ્ધ છે. તમારે જરૂર છે તે કરતાં વધુ કોઈ પણ ચીજની ખરીદી ન કરો. તમારાં બાળકોને પણ એમ જ શીખવો કે જરૂરિયાત કરતાં વધારાની ચીજવસ્તુઓની ખરીદી કરી પૈસા ન બગાડે.

(૪) હું મારી મોટરકાર જાતે જ ચલાવું છું. ડ્રાઇવર રાખતો નથી. મારી આસપાસ સલામતી માટે પણ માણસો રાખતો નથી. તમે જે છો તે જ રહેવાના છો.

(૫) વિશ્વની મોટામાં મોટી પ્રાઇવેટ જેટ કંપનીનો માલિક હોવા છતાં હું મારા માટે પ્રાઇવેટ જેટ વિમાન રાખતો નથી. જીવનની દરેક બાબતમાં કરકસર કરો.

(૬) બર્કશાયર હાથવે નામની મારી પેઢી ૬૩ જેટલી કંપનીઓ ધરાવે છે.

આ તમામ કંપનીઓના સીઇઓને વર્ષમાં હું એક જ પત્ર લખું છું. તેમને મારે જે જોઈએ છે તે લક્ષ્યાંક આપી દઉં છું. હું નિયમિત મિટિંગો બોલાવતો નથી. વર્ષમાં મારા લક્ષ્યાંકો આપવા એક જ મિટિંગ બોલાવી બાકી તે લક્ષ્યાંક હાસલ કરવાનું કામ હું તેમને સોંપી દઉં છું. લક્ષ્યાંક પૂરો કરવાની જવાબદારી મારી કંપનીઓના વડાઓની છે.

(૭) હું યોગ્ય વ્યક્તિને જ યોગ્ય કામ આપું છું. મતલબ કે ‘રાઇટ પિપલ’ ને ‘રાઇટ જોબ’ આપું છું.

(૮) હું મારા સીઇઓને એ નિયમો આપું છું,

રુલ નંબર એક : શેર હોલ્ડરનાં નાણાં ડૂબવાં જોઈએ નહીં.

રુલ નંબર બે : પહેલા નંબરના રુલનો કદી ભંગ થવો જોઈએ નહીં.

તમે એક ગોલ નક્કી કરો અને તમારા માણસોને ગોલ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી વ્યવસ્થા કરો.

(૯) મોટા મેળાવડાઓ કે હાઈ સોસાયટીના જમેલાઓમાં જઈ હું સમય બગાડતો નથી. એમ કરવાને બદલે હું મારા ઘરે જઈ પોપકોર્ન ખાતાં ખાતાં ટેલિવિઝન જોવાનું પસંદ કરું છું.

(૧૦) તમે જે નથી તેનો દેખાડો કરવાનો પ્રયાસ કદી ન કરશો. હું જે છું તેવો જ સમાજમાં દેખાઉં તે જરૂરી છે. તમને જે ગમે છે તે પ્રમાણે જીવનનો આનંદ માણો.

(૧૧) મારી પાસે કોઈ સેલ ફોન નથી. હું મારા ટેબલ પર કમ્પ્યુટર પણ રાખતો નથી.

(૧૨) હું કોઇ ક્રેડિટ કાર્ડ રાખતો નથી. ક્રેડિટ કાર્ડ કદી રાખવું નહીં. હું બેન્કોમાંથી લોન લેતો નથી.

(૧૩) એક વાત યાદ રાખો કે પૈસો માનવીનું સર્જન કરતો નથી, પરંતુ માનવી જ પૈસાનું સર્જન કરે છે.

(૧૪) બની શકે તેટલી સાદગીથી જીવન જીવો.

(૧૫) બીજાઓ જે કરે છે તેમ ન કરો. બીજાઓ જે કહે છે તે સાંભળો અને તમને યોગ્ય લાગે તેમ જ કરો.

(૧૬) કોઇ પણ બ્રાન્ડનેમ પાછળ પાગલ ન બનો. બ્રાન્ડનેમ જોઈને ખરીદી ન કરો. તમને જેમાં સુવિધા લાગતી હોય તે જ વસ્ત્રો, ચશ્માં કે જૂતાં પહેરો.

(૧૭) બિનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરી પૈસા બરબાદ ન કરો. તમને જેની જરૂરિયાત છે તે જ વસ્તુઓ ખરીદો.

(૧૮) આખરે તમારું જીવન એ તમારું જ છે. બીજાઓ તમારા જીવન પર રાજ કરે તેવી તક બીજાઓને ન આપો. તમને જરૂર જ ન હોય છતાં કોઈ બ્રાન્ડનેમવાળી જ ઘડિયાળ તમે ખરીદો છો ત્યારે એ બ્રાન્ડ ધરાવતી કંપની આડકતરી રીતે તમારી પર રાજ કરે છે તે સત્ય સમજો.

(૧૯) વિશ્વના સુખી લોકો પાસે વિશ્વની શ્રેષ્ઠ બ્રાન્ડ ધરાવતી ચીજવસ્તુઓ હોતી જ નથી. તેમની પાસે જે ઉપલબ્ધ છે તેની જ તેઓ કદર કરે છે.

વિશ્વના બીજા નંબરના સહુથી ધનિક એવા વોરન બફેટને વિશ્વના સહુથી વધુ ધનવાન એવા બિલ ગેટ્સે એક વાર મળવાનું નક્કી કર્યું. બિલ ગેટ્સ માનતા હતા કે મારી અને વોરન બફેટ વચ્ચે કાંઈ જ ‘કોમન’ નથી. તેથી બિલ ગેટ્સે માન્યું કે વોરન બફેટ સાથે મારી અડધો કલાકની મિટિંગ પૂરતી છે, પરંતુ બિલ ગેટ્સ વોરન બફેટને મળવા ગયા અને વોરન બફેટ પાસેથી તેઓ પૂરા ૧૦ કલાક બાદ ઊભા થયા. તે દિવસ બાદ બિલ ગેટ્સ વોરન બફેટના ભક્ત અને પ્રશંસક બની ગયા.

**તા. ૨૫-૭-૧૬ના રોજ સવારે શાળાના પ્રાર્થના હોલમાં**
**ધો. ૧૦, ૧૨(સાયન્સ), ૧૨(કોમર્સ) ગુજરાતી/અંગ્રેજી માધ્યમના વાલીઓની એક પેરેન્ટીંગ મીટીંગનું આયોજન કરેલ.**

શાળાનો ભૂતપૂર્વ વિદ્યાર્થી અને મોટીવેશનલ કોચ તેમજ માસ્ટર ટ્રેઈનર શ્રી સપન શાહનો વાલીઓની સાથે રૂબરૂ સંપર્ક થયો. મીટીંગ સવારે ૯ થી શરૂ થઈ ૧૧-૩૦ સુધી સતત તમામ વાલીગણે એક સારા શ્રોતાની માફક વકતવ્ય સાંભળ્યું. બાળકોને લગતા સવાલ જવાબનો દોર ચાલુ થયો. ચાલુ કાર્ય દિવસ અને એમાં પણ સોમવાર હોવા છતા મોટા પ્રમાણમાં વાલી વર્ગ હાજર રહયો. શાળા સાથે સંલગ્ન સાધવામાં એક ઉત્તમ પ્રયાસ શાળા તરફથી કરવામાં આવ્યો તેવું વાલીઓના લખાણ અને ફીડબેક ઉપરથી જાણવા મળ્યું. ઘણા બધા વાલીઓને મોટીવેશન મળ્યું. ઘણી બધી જાણવા જેવી વાત થઈ અને વાલીઓ ઈમોશનલ પણ બની ગયા. આવી પેરેન્ટીંગ મીટીંગ વખતોવખત થતી રહે તેવી ઈચ્છા પણ વાલીઓએ વ્યક્તિ કરી અને કહ્યું કે બાળકોને સાથે રાખી અમારી મીટીંગ કરવામાં આવશે તો અમને ખૂબ આનંદ થશે.

વાલીઓનું સૂચન હતું કે ફક્ત આટલું જ નહીં પણ આ દિશામાં કંઈક સારો પ્રયત્ન કરવો તથા કેરીયર ગાઈડન્સ કાર્યક્રમ રાખવો એવું પણ એકાદ-બે સૂચનમાં જાણવા મળ્યું, શહેરની બહુ જ જૂજ શાળાઓમાં આ પ્રકારનું પેરેન્ટીંગ થતું જોવા મળે છે તેવું પણ તેમની સાથેની વાતચીતથી બહાર આવ્યું. શાળામાં ધો.૧ થી ૯ સુધીના તમામ તેમજ ધો.૧૦,૧૨ના વાલીઓની મીટીંગ થઈ ચૂકી છે. શ્રી સપન શાહે અત્યાધુનિક દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરી જે રીતે વાલીઓને સમજાવ્યા તે ઉપરથી એવું લાગે છે કે આ એક ઉત્તમ શિક્ષણની નિશાની છે. શાળા પરિવાર આ કાર્યક્રમમાં ભાગ લેવા બદલ વાલીગણ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સપન શાહનો આભાર માને છે.

**વિજયભાઈ રાવલ – આચાર્ય**

*

આભાર :
'શારદ'ના આ અંકમાં સહયોદ આપવા બદલ સહુનો આભાર

પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ, નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : +91-79-26600242, ઈમેઈલ : shardamandir1924@gmail.com
વેબસાઈટ : www.sharadamandir.com
'શારદ'નો આ (રંગીન) અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.







બહેનો માટેનો કાર્યક્રમ
તથા
વિકાસ ગૃહની મુલાકાતે શાળાની વિદ્યાર્થિનીઓ












પ્રકાશક

**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ

અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન :+91-79-26600242

shardamandir1924@gmail.com

www.sharadamandir.com